पुना International School

Shree Swaminarayan Gurukul, Zundal

# Class -VIII

# GUJARATI

# Specimen Copy

# Year- 2020-21

# ગુજરાતી

## ધોરણ 6

## (પ્રથમ સત્ર)



| | | |
|---|---|---|
| 10 | આલાલીલા વાંસડિયા | 4 |
| 11 | એક જાદુઇ પત્રની વાર્તા | 7 |
| 12 | રાવણનું મિથ્યાભિમાન | 10 |

# 10. આલાલીલા વાંસડિયા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | આલા | = | આછી ભીનાશ ધરાવતા |
| 2) | વાંસડિયા | = | વાંસ |
| 3) | વઢાવું | = | કપાવું |
| 4) | ઉતરાવું | = | ઘાટ કે આકાર અપાવું |
| 5) | લાડકો | = | વહાલો |
| 6) | ફૂમતા | = | છોગા |
| 7) | મેહ | = | વરસાદ |
| 8) | મોલ | = | પાક |
| 9) | મોતીડાં | = | મોતી જેવા અનાજના દાણા. |

## સાહિત્ય

**નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

**1)** વાંસડિયા શા માટે વઢાવવાના છે ?

**જ)** વાંસડિયા વાંસળી બનાવવા માટે વઢાવવાના છે.

**2)** વાંસળીએ શું લટકે છે ?

**જ)** વાંસળીએ ચાર ફૂમતા લટકે છે.

**3)** મેહ કઇ દિશાએથી આવે છે ?

**જ)** મેહ ઉત્તર દિશાએથી આવે છે.

**4)** ખેતરમાં શું ઝૂલી રહ્યું છે ?

**જ)** ખેતરમાંપાક ઝૂલી રહ્યો છે.

નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર વાક્યમાં લખો.

1) ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો ?

જ) વાંસળી લીલા વાંસમાથી બનાવેલી છે. વાંસળી ઉપર હંસ,પોપટ અને મોર મૂકવામાં આવ્યા છે. વાંસળીની શોભા માટે તેને ચાર ફૂમતા લગાડેલા છે. આમ વાંસળી સુંદર રીતે શણગારેલી છે..

2) ગીતમાં 'મોતીડા' શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

જ) ગીતમાં 'મોતીડા' શબ્દ ખેતરમાં ઝૂલતા ડૂંડામાં રહેલા દાણા માટે વપરાયો છે. મોતી કિંમતી છે. મોતી જેવા અનાજના 'દાણા' પણ કિંમતી છે.

3) વાંસળી કેવી રીતે વાગતી હશે ?

જ) વાંસળી ફૂંક મારીને વગાડવામાં આવે છે. વાંસળી પર સાત છિદ્ર ( કાણા ) પાડેલા હોય છે. છિદ્રો ઉપર આંગળીઓ દાબીને કે છિદ્રો પરથી આંગળીઓ ઉઠાવીને સાત પ્રકારના સૂરો કાઢવામાં આવે છે.

<u>વ્યાકરણ</u>

## ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | આંગળી | - | અંગૂઠી | 2) | નાક | - | નથણી |
| 3) | હાથ | - | કડું | 4) | પગ | - | ઝાંઝર |
| 5) | ડોક | - | હાર | 6) | કેડ | - | કંદોરો |

## નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | વાંસળી | = | બંસી | 2) | પોપટ | = | શુક |
| 3) | લાડકો | = | વહાલો | 4) | મેહ | = | વરસાદ |
| 5) | પાદર | = | ભાગોળ | | | | |

## નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ઉતરાવવું | x | ચઢાવવું | 2) | ઓતરાદા | x | દખણાદા |

# 11. એક જાદુઇ પત્રની વાર્તા

## શબ્દાર્થ

| | | | |
|---|---|---|---|
| 1) | યાર | = | મિત્ર |
| 2) | વેવિશાળ | = | સગાઇ |
| 3) | કેબિન | = | કાર્યાલય |
| 4) | ઘુસવું | = | દાખલ થવું |
| 5) | ઉખેળવું | = | ખોલવું |
| 6) | સનાતન | = | કાયમી |
| 7) | ગવર્નર | = | અધિકારી |
| 8) | વિકટ | = | મુશ્કેલ |
| 9) | નુસખા | = | યુક્તિ |
| 10) | અમોઘ | = | અચૂક |

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ ક્યારે નક્કી કર્યું ?

જ) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનુ રવિવારે નક્કી કર્યું.

2) પત્ર કોને લખ્યો હતો ?

જ) પત્ર નિરંજનના દૂરના કાકા વેદસાહેબે લખ્યો હતો.

3) વેદ સાહેબ કયો હોદ્દો ધરાવે છે?

જ) વેદ સાહેબ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નરનો હોદ્દો ધરાવે છે.

4) ફિલ્મ જોવા માટે મેનેજરે શી વ્યવસ્થા કરી ?

જ) ફિલ્મ જોવા માટે મેનેજરે બાલ્કનીમાં બે એક્સ્ટ્રા ખુરશીઓ મુકાવી.

5) નિરંજનના મિત્રને ક્યાં અને કઇ નોકરી મળી ?

જ) નિરંજનના મિત્રને વેદસાહેબની ઓફિસમાં ક્લાર્ક તરીકેની નોકરી મળી.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) પત્ર જાદુઇ કેમ લાગ્યો?

જ) લેખક એમના મિત્ર નિરંજન સાથે રવિવારે સવારે સિનેમા જોવા ગયા. તેને અગાઉ ટિકિટ લીધી નહોતી અને થિયેટર હાઉસફૂલ હતું. તેમણે કોઇનાથી અક્ષરો ન ઉકલે એવો એક પત્ર 'લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર વેદસાહેબનો છે' એમ કહી સિનેમાગૃહના મેનેજરને આપ્યો. મેનેજરે બાલ્કનીમાં બે વધારાની ખુરશીઓ મુકાવીને બંને મિત્રો માટે સિનેમા જોવાની વ્યવસ્થા કરી આથી પત્ર જાદુઇ લાગ્યો. .

2) નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?

જ) નિરંજનના મિત્રએ એક સુવિખ્યાત કંપનીમા ક્લાર્કની જગ્યા માટે અરજી કરી હતી. તેનો ઇન્ટર્વ્યૂ હતો. મિત્ર એ જાદુઇ પત્ર લઇને ગયો તેણે એ પત્ર પી.એ. દ્વારા કંપનીના મેનેજરને મોકલાવ્યો. વાસ્તવમાં જેમણે એ પત્ર લખ્યો હતો તે વેદસાહેબ પોતે જ એ કંપનીના મેનેજર હતા. વેદસાહેબે પોતાના અક્ષર ઓળખ્યા પણ તે લખાણ ઉકેલી શક્યા નહિ.આ પત્રને લીધે નિરંજનના મિત્રને નોકરી મળી ગઇ. આમ, નિરંજનના મિત્રએ પત્રનો ઉપયોગ નોકરી મેળવવા માટે કર્યો.

3) વેદસાહેબ વિશે પાંચ – સાત વાક્યો લખો.

જ) વેદસાહેબનું નામ એમ. જી. વેદ હતું. તેઓ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર હતા તેઓ નિરંજનના દૂરના કાકા હતા. નિરંજનનો મિત્ર જે કંપનીમાં ઇન્ટર્વૂ આપવા ગયો હતો તે કંપનીમાં વેદસાહેબ મેનેજર હતા. પત્ર તેમના જ હસ્તાક્ષરમાં હતો, છતા તે વાંચી શક્યા નહિ.આવો પત્ર તેમણે કોઇની ભલામણ માટે લખ્યો હોય એવું તેમને યાદ નહોતું. આમ છતા તેમણે પત્ર લાવનાર નિરંજનના મિત્રને નોકરી આપી, આમ વેદસાહેબ ભલા માણસ હતા.

4) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક શું કહે છે ?

જ) લેટરહેડના ખરાબ અક્ષરો જોઇને લેખક કહે છે કે ‘ આ પત્રના અક્ક્ષરો જેવા ખરાબ અક્ષરો મે ક્યાંય જોયા નથી. કુલેખનની હરીફાઇ યોજાય તો આ અક્ષરોનો લખનારો જ્યાં સુધી ભાગ લે ત્યાં સુધી બીજા કોઇને ઇનામ જ ના મળે.’

## <u>વ્યાકરણ</u>

### નીચેના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | સમજ | = | અક્કલ | 2) | સનાતન | = | કાયમી |
| 3) | વ્યવસ્થા | = | ગોઠવણ | 4) | અમોઘ | = | અચૂક |
| 5) | ગભરામણ | = | મૂંઝવણ | | | | |

### નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | મુશ્કેલ | x | સહેલું | 2) | સ્મિત | x | રુદન |
| 3) | શાંતિ | x | અશાંતિ | 4) | વિવેક | x | અવિવેક |
| 5) | વ્યવસ્થા | x | અવ્યવસ્થા | | | | |

### નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો

1) ઝંખવાણા પડી જવું - છોભીલા પડી જવું
વાક્ય : જૂઠાણું ખુલ્લું પડી જતા અજય ઝંખવાણો પડી ગયો.

2) સ્તબ્ધ થઇ જવું - આશ્ચર્ય ચકિત થઇ જવું
વાક્ય : પોતાના દિકરાને જ ઘરમાંચોરી કરતો જોઇને પિતાજી સ્તબ્ધ પઇ ગયા.

3) મોતિયા મરી જવા - હિંમત હારી જવી
વાક્ય : દૂરથી સિંહને આવતો જોઇને બધાના મોતિયા મરી ગયા.

## નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

1) મથાળે છાપેલાં નામ સરનામાંવાળો કાગળ - લેટરહેડ

2) કૌરવો – પાંડવો વચ્ચે જ્યાં યુદ્ધ થયું હતું તે સ્થળ - કુરુક્ષેત્ર

# 12.રાવણનું મિથ્યાભિમાન

## શબ્દાર્થ

1) મિથ્યાભિમાન = ખોટું અભિમાન

2) ત્ર્યંબક = શિવજીના ધનુષ્યનું નામ

3) ચાપ = ધનુષ્યની પણછ

4) બંદીવાન = કેદી

5) મેરુ = એક પર્વત

6) પલક = ક્ષણવાર

7) પોકાર કરવો = મોટેથી બોલવું

## સાહિત્ય

### નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.

1) સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો?

જ) સભામંડપમાં રાવણ અભિમાન સાથે બોલ્યો.

2) શિવ ઉમિયાની સ્તુતિ કોણે કરી?

જ) સતી સીતાએ શિવ ઉમિયાની સ્તુતિ કરી.

3) રાવણ પોતાના હોઠ દાંત વડે શા માટે પીસે છે?

જ) રાવણથી શિવધનુષ્ય ખસ્યું નહિ એટલે એના મનમાં સંતાપ થયો, આથી તે ક્રોધથી પોતાના હોઠ દાંત વડે પીસે છે.

4) જનકરાજાએ સ્વયંવર વખતે શી શરત મૂકી હતી?

જ) જનકરાજાએ સીતાજીના સ્વયંવર વખતે આ શરત મૂકી હઅતી : જે વ્યક્તિ ત્રંબક ધનુષ્યને ઉઠાવશે તેને સીતા વરમાળા પહેરાવશે.

5) રાવણના મતે જનકરાજાને કોણ મારશે?

જ) રાવણના મતે જનકરાજાને કુંભકર્ણ અને ઇંન્દ્રજિત મારશે.

## નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) રાવણને પોતાનાં ક્યાં ક્યાં પરાક્રમોનું અભિમાન હતું?

જ) રાવણે કૈલાસ પર્વતને હલાવી નાખ્યો હતો. દેવોને કેદ કર્યા હતા. મેરુ અને મંદ્રાચળ પર્વતોને તે દળાની જેમ ઉછાળી શકતો હતો. સમગ્ર બ્રહ્માંડને તે ગોળ ગોળ ફેરવી શકતો હતો. રાવણને પોતાનાં આ પરાક્રમોનું અભિમાન હતું.

2) સીતાએ ભગવાન શિવને શી પ્રાર્થના કરી ?

જ) જો રાવણ ધનુષ્ય ઊંચકે તો શરત પ્રમાણે સીતાએ રાવણને વરમાળા પહેરાવવી પડે. સીતાજી એવું ઇચ્છતાં નહોતાં, તેથી સીતાએ ભગવાન શિવને પ્રાર્થના કરી કે એમનું ત્ર્યંબક ધનુષ્ય રાવણ ઊંચકી ન શકે એવું કંઇક કરીને તમે મારી લાજ રાખજો.

3) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઇ?

જ) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણને ખૂબ જોર કરવું પડ્યું. તે પરસેવે રેબઝેબ થઇ ગયો. તેને શ્વાસ ચઢ્યો. તેણે જેવું ધનુષ્ય સહેજ ઊંચું કર્યું કે તે હાથમાથી છટકી ગયુ. રાવણ ભોંય પર પટકાયો અને ધનુષ્ય તેના ઉપર પડ્યું. તે ધનુષ્ય નીચે દબાયો અને ઘાયલ થયો. તેના મોંમાથી લોહી વહેવા લાગ્યું .

4) ધનુષ્ય નીચે દબાયેલા રાવણે જનકને શું કહ્યું ?

જ) ધનુષની નીચે દબાયેલા રાવણે પોતાને બહાર કાઢવા જનકને કહ્યું. જો જનક તેને બહાર નહિ કઆઢે તો તેના પ્રાણ જશે.એવું થશે તો કુંભકર્ણ અને ઇંદ્રજિત જનકને મારશે અને રાક્ષસો જનકનાનગરનો નાશ કરી તેનું વેર લેશેં.

5) રાવણ ઉપર ધનુષ્ય પડતા શી દશા થઇ ?

જ) રાવણ ઉપર ધનુષ્ય પડતાં રાવણ તેની નીચે દબાયો. ત્યાં ઘણી ધૂળ ઊડી. તેના મોંમાથી લોહી વહેવા લાગ્યુ. તે ખૂબ ઘવાયો. તેના શરીરે અસહ્ય પીડા થવા લાગી.

## <u>વ્યાકરણ</u>

### નીચેના શબ્દોના સમાનાર્થી અર્થ લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | તત્કાળ | = | તરત | 2) | રક્ત | = | લોહી |
| 3) | કંદુક | = | દડો | 4) | લોચન | = | આંખ |
| 5) | ભૂષણ | = | ઘરેણું | 6) | નિશિચર | = | રાક્ષસ |
| 7) | અધર | = | હોઠ | 8) | પુર | = | નગર |

### નીચેના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | હસવું | x | રડવું | 2) | ઊંધુ | x | સીધું |
| 3) | વિકટ | x | સરળ | 4) | અતિ | x | અલ્પ |
| 5) | પૂર્ણ | x | અપૂર્ણ | 6) | બળવાન | x | નિર્બળ |
| 7) | દુ:ખ | x | સુખ | 8) | અભિમાન | x | નિરભિમાન |

### નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો.

1) સ્વયંવરમાં કન્યા પસંદ કરેલા વરને પહેરાવે તે માળા - વરમાળા
2) સંકટને હણનાર - સંકટહરણ
3) ઇન્દ્રને જીતનાર - ઇન્દ્રજિત
4) શિવજીનું ધનુષ્ય - ત્ર્યંબક
5) દશ માથાવાળું - દશાનન

### નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી, તેમનો વાક્યમાં પ્રયોગ કરો

1) ચાક ચડાવવો - ગોળ ગોળ ફેરવવું
વાક્ય : રાવણ બ્રહ્માંડને ચાક ચડાવવા શક્તિમાન હતો.

2) બાથ ભરવી - હિંમત કરવી
વાક્ય : મે મોટો ધંધો કરવા બાથ ભરી અને હું સફળ થયો.

3) દાંત પીસવા - (ગુસ્સામાં) દાંત કચકચાવવાં

વાક્ય : ભીમે દાંત પીસીને પ્રહાર કર્યો.

4) શ્વાસ ચઢવો - થાકી જવું

વાક્ય : પર્વત ચઢતી વખતે ઘણાને શ્વાસ ચઢી જાય છે.

5) વેર લેવું - બદલો લેવો

વાક્ય : વેર લેવાથી વેર શમતું નથી.